| | | | | |
|---|---|---|---|---|
| આંક | : | **૦૬** | | |
| દાખલ તારીખ | : | ૦૫ | ૦૩ | ૨૦૨૬ |
| નિકાલ તારીખ | : | ૧૦ | ૦૩ | ૨૦૨૬ |
| સમયગાળો | : | વર્ષ | માસ | દિવસ |
| કુલ | : | | | |

# મે.ના.શ્રી છઠ્ઠા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં, ગાંધીનગર.

**ફોજદારી પરચુરણ અરજી નંબર–૩૬૧/૨૦૨૬**

---------------------------------------

**અરજદાર :** **નિકેત કેતનકુમાર રાવલ**
ઉ.વ.: ૨૮, ધંધો: વેપાર,
રહે ઘર નં:૩, કવિતા ફ્લેટ, પુણ્યભુમિ સોસાયટી,
નુતન સ્કુલ પાસે, જવાહર ચોક, સાબરમતી,
અમદાવાદ.

**વિરૂદ્ધ**

**સામાવાળા :** (૧) શ્રી સરકાર

**બાબત : ક્રિ.પ્રો.કોડની કલમ–૪૩૯(૧)(બી) મુજબ પાસપોર્ટ પરત આપવા અને વિદેશ જવાની પરવાનગી આપવા બાબત:**

| | | |
|---|---|---|
| ગુનો | : | ચાંદખેડા પોલીસ સ્ટેશન.ગુ.ના.ર.નં.૧૧૧૯૧૦૦૮૨૩૦૫૯૦/૨૦૨૩ |
| | | ઈ.પી.કો.ક.૩૭૬, ૩૭૬(૨)(એન), ૪૦૬, ૧૧૪, ૨૯૪(બી), ૪૦૬, ૪૨૦ તથા ૧૧૪ તથા એટ્રોસિટી એકટની કલમ–૩(૨)(વી), ૩(૧)(આર), ૩(૧)(એસ), ૩(૧)(ડબ્લ્યુ)(આઈ), ૩(૨)(વીએ) મુજબ... |

| | | |
|---|---|---|
| અરજદાર તરફે | : | વિ.વ.શ્રી એચ.એચ.પંડયા |
| સામાવાળા તરફે | : | વિ.પી.પી.શ્રી એચ. એન. રાવલ |

-----------------------------------------

**-:: હુકમ ::-**

(૧) અરજી સાંભળી. રજુઆતો સાંભળી. હાલની અરજી ક્રિ.પ્રો. કોડની કલમ–૪૩૯(૧)(બી) મુજબના કામે ક્રિમીનલ પરચુરણ અરજી નં.૧૪૦૪/૨૦૨૩ થી જામીન અરજી દાખલ કરવામાં આવેલ, જેમા શરતોને આધીન જામીન ઉપર મુકત કરવા હુકમ કરવામાં આવેલો, જેમા શરત નં.(સી) પાસપોર્ટ જમા કરાવવા અને શરત નં.(એફ) મુજબ કોર્ટની પરવાનગી વિના ભારત દેશની હદ છોડવી નહી. આમ સદર શરતો મુજબ અરજદારે પાસપોર્ટ જમા કરાવેલો છે. વધુમાં અરજદાર તરફે એવી પણ રજુઆત છે કે,અગાઉ તેઓએ વિદેશ જવાની પરવાનગી મેળવવા અરજી કરેલી જે અરજી મંજુર થયેલ અને તેઓની સિકયુરીટી ડિપોઝીટ તરીકેની રકમ રૂા.૨,૦૦,૦૦૦/–જમા કરાવેલ તે હજુ જમા છે. અને તેઓનો પાસપોર્ટ પણ જમા છે અને તેઓએ કોઈ શરતોનો ભંગ કરેલ નથી.

વધુમાં અરજદાર તરફે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, અરજદારને વ્યવસાય સંબંધે વિદેશ ચીનમાં તા. ૨૩/૦૩/૨૦૨૬ થી તા.૦૩/૦૪/૨૦૨૬ સુધી જવાની જરૂરિયાત હોય તેઓનો પાસપોર્ટ ગાંધીનગર નાઝરશ્રી, જિલ્લા અદાલતમાં જમા હોવાથી તે પરત લેવા અને ભારત દેશની હદ છોડીને વિદેશ જવા પરવાનગી માંગવા હાલની

અરજ કરેલી છે. વધુમાં અરજદારે જણાવેલ છે કે, તેઓનો વિદેશ જઈને પાછા આવવાનો સમયગાળો નકકી છે પરંતુ કોઈ આકસ્મીક ફેરફાર થાય તો તેઓ મુશ્કેલીમાં ન મુકાઈ જાય તે માટે તા. ૧૦/૦૩/૨૦૨૬ થી ૩ મહિના માટે પાસપોર્ટ પરત મેળવવા અરજ કરેલી છે નામ.કોર્ટ જે કોઈ શરતો ફરમાવશે તેનુ પાલન કરશે. અરજદારને જો ભારત દેશ છોડવાની પરવાનગી નહી આપવામાં આવે તો તેઓના વ્યવસાયને ગંભીર અસર પડે તેમ છે. તેમજ તેઓના કુંટુંબના ભરણ પોષણ પર પણ અવળી અસર થાય તેમ છે. તેમજ તેઓને આર્થિક પારીવારીક મુશ્કેલીઓનો સામનો કરવો પડે તેમ છે. તેથી અરજી મંજુર કરવા વિનંતી કરેલી છે.

(૨) જીલ્લા સરકારી વકીલશ્રીની રજુઆત કરતા કહયું છે કે, જો અરજદારને પાસપોર્ટ પરત કરવામા આવશે તો તે અહી હાજર ન રહે, નાસી–ભાગી જાય તેવી પણ સંભાવના છે, તેથી પાસપોર્ટ પરત આપવો જોઈએ નહી.

(૩) મારુ એવુ માનવુ છે કે, અરજી મંજુર કરવા પાત્ર છે તેના કારણો નીચે પ્રમાણે છે.

**એ.** અરજદાર સામે ઉપરોકત ગુનાના કામે જે ચાર્જશીટ દાખલ થયુ છે તે કેસમાં પુરાવો ચાલી રહયો છે. અને અરજદાર તેના વકિલશ્રી મારફતે હાજર રહી કેસનું ટ્રાયલ આગળ વધારી રહયા છે. હાલના અરજદારને અગાઉ આ જ કોર્ટે સી.આર.એમ.એ. નં. ૧૨૫૨/૨૦૨૫ ની અરજી મંજુર કરીને તા.૨૪/૧૦/૨૦૨૫ થી ૩ (ત્રણ) મહિનાની મુદત માટે વિદેશ જવાની પરવાનગી આપી હતી. આ હુકમનુ હાલના

અરજદારે પાલન કરેલ છે અને વિદેશ જઈને સમય મર્યાદામાં પરત આવ્યા હતા.

**બી.** અરજદારે પાસપોર્ટ અરજીમાં જણાવ્યુ છે તે પ્રમાણે ફરીથી તેમને વિદેશ જવાની જરૂરિયાત ઉપસ્થિત થઈ છે. અરજદારને ધંધાના કામકાજ માટે ચીન ખાતે જવુ પડે તેમ છે. અને તે હેતુ માટે તેને પાસપોર્ટની જરૂરિયાત છે. પાસપોર્ટ અત્રેની કોર્ટમાં સી.આર.એમ.એ. નં. ૧૪૦૪/૨૦૨૩ ની જામીન અરજી મંજુર કરતી વખતે મુકેલી શરત નં. 'સી' અને 'એફ' મુજબ કોર્ટમાં જમા છે. અરજદારે દર્શાવેલુ કારણ જોતા અરજી મંજુર કરવી જોઈએ તેમ માનુ છું. અને તેથી નીચે મુજબનો હુકમ કરૂ છું.

**:: હુકમ ::**

અરજદારની અરજી આથી નીચેની શરતોએ મંજુર કરવામાં આવે છે. અરજદારને આ હુકમ થાય તેની તારીખથી ૩ (ત્રણ) મહિનાની મુદત માટે વિદેશ જવાની પરવાની નીચેની શરતોએ આપવામાં આવે છે. તદઅનુસાર સી.આર.એમ.એ. નં. ૧૪૦૪/૨૦૨૩ ની જામીન અરજીની શરત નં. 'સી' અને 'એફ' માં આ ત્રણ મહિનાના સમયગાળા માટે છુટ આપવમાં આવે છે.

**શરતો**

(૧) અરજદારે તેઓ વિદેશમાં જવાનો સંપુર્ણ પ્રોગ્રામ તારીખ મુજબ તથા, કયાં રોકાવાના છે, તેના સરનામા અને મોબાઈલ નંબર સહિતની સંપુર્ણ વિગતો આ અદાલતમાં સ્પે.એટ્રો.કેસ.નં.૩૬/૨૦૨૩ માં જાહેર કરવાની રહેશે.

(૨) અરજદારે રૂ. ૨,૦૦,૦૦૦/– (અંકે રૂપિયા બે લાખ પુરા) અત્રેની કોર્ટમાં સલામતી ડીપોઝીટ તરીકે જમા કરવાના રહેશે.

(૩) જે સમયગાળા દરમયાન અરજદાર વિદેશ હોય, તે સમયગાળા દરમ્યાન સ્પે.એટ્રો.કેસ.૩૬/૨૦૨૩ ની કાર્યવાહી એડવોકેટ મારફતે આગળ વધારવાની રહેશે. અરજદાર ઓળખની તકરાર લઈ શકશે નહી.

(૪) શરત નં.૧ અને ૨ પુર્ણ થયેથી અરજદારનો કોર્ટમાં જમા કરેલો પાસપોર્ટ તેને પરત કરવો.

(૫) અરજદારે મોડામાં મોડું તા.૧૦/૦૬/૨૦૨૬ સુધીમાં વિદેશથી પરત આવી જવાનુ રહેશે અને તે પછી મોડામાં મોડા ૩ કામકાજના દિવસમાં પરત લીધેલ પાસપોર્ટ જમા કરાવવાનો રહેશે.

(૬) જો ઉપરોકત, કોઈ પણ શરતોનો અરજદાર ભંગ કરશે તો સિકયોરીટી ડીપોઝીટ તરીકે જમા કરેલા રૂા.૨,૦૦,૦૦૦/– તાત્કાલિક અસરથી સરકાર ખાલસા કરવામાં આવશે.

હુકમ આજરોજ તા.૧૦, માર્ચ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને જાહેર કર્યો.

તારીખ : ૧૦/૦૩/૨૦૨૬
ગાંધીનગર.

**(વિરેન્દ્રસિંહ જી. રણા)**
છઠ્ઠા અધિક સેશન્સ જજ
ગાંધીનગર.
(GJ 00964 )

/kjp/